# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3651-4 તારીખ : 28-5-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી નીલેશ શાહ
અમી, ઓસવાલ -૫ કોલોની, સુમેર ક્લબ રોડ,,
મુ. પો. : જામનગર, તા. : જામનગર, જી. : જામનગર,
મોબાઈલ : ૯૮૨૪૨૧૧૬૬૮

વિષય : ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ પરત મેળવવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૨-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૯/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જામનગર શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર જામનગર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૧/૨૦૧૯-૨૦/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૯/ક્વા-૧/૨૦૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | શ્રી નીલેશ શાહ ગામ: જામનગર |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ગ્યાન શ્રીવાસ્તવ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર શહેર-૨ |
| રજૂઆત કરનાર: | (૧) એમ.વી.શેઠ, નાયબ ઇજનેર (ટેક), વિભાગીય કચેરી – જામનગર શહેર-૨,<br>(૨) આર.ડી.પરમાર, ડી.ઈ. શાપર પેટા વિભાગીય કચેરી<br>(૩) આર.એસ. ધ્રુવ - ડી..વાય.એસ.એ. શાપર પેટા વિભાગીય કચેરી |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| તારીખ: | ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ Applicant has applied for 10 hp New Connection in the name of Nethers base company at Village – vasai, Ta.Jamnagar on Dtd-03-05-2002. Accordingly FQ issued on Dtd.07-11-2002, with amount of Rs. 27,570/- and same was paid through DD bearing no: 963523 Dtd.29-11-2002, vide receipt no: 02775 Dtd.02-12-2002, inspite of completing all the process neither got the connection nor work started related to this application. In this regards several times complain to the concern office but did not got any response. Applicant has requested to refund the FQ paid amount with interest.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારે નેથર્સ બેઝ કું.-ગામ વસઇ ખાતે ૧૦ હો.પા.નું વીજ જોડાણ મેળવવા અરજી કરી ક્વોટેશન પણ ડીમાન્ડ ડ્રાફટથી ભરપાઇ કરી આપેલ હતું. સદર બાબત અરજદારની વિશેષ રજુઆત છે કે જે તે સમયે નવા કનેકશન અંગે જરૂરી વિધી પુર્ણ કર્યા બાદ પણ તેઓને નવું જોડાણ મળેલ નથી કે નવા જોડાણ અંગે કોઇ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી તો તેઓને તેઓએ ભરેલ ડીપોઝીટની રકમ વ્યાજ સાથે પરત આપવા જણાવેલ છે. જે અનુસંધાને જણાવેલ કે – શ્રી નીલેશ શાહ દ્વારા તેઓના જુદા જુદા ૩ (ત્રણ) વિજજોડાણની ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા તા. ૦૬.૦૩.૧૮ ના રોજ શાપર પેટા વિભાગમાં અરજી કરેલ જે અરજીની સાથે નેથર્સ બેઝ કું.-ગામ વસઇ વાળા વિજજોડાણની ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા પણ અરજી કરેલ હતી. જે જુદા જુદા ૩ (ત્રણ) વિજજોડાણની ડીપોઝીટની રકમ રીફંડની અરજી પીજીવીસીએલ કંપનીના નિયમોનુસારની હોઇ ડીપોઝીટની રકમ રીફંડ કરવામાં આવેલ હતી.

જયારે નેથર્સ બેઝ કું.-ગામ વસઇ વાળા વિજજોડાણની ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા અરજી કરેલ પરંતુ અરજી સાથે ડીપોઝીટ ભર્યાની ઓરીજનલ રસીદ સામેલ ન હોઇ ડીપોઝીટની રકમ પરત કરી શકાયેલ નહી. સદર બાબત વિશેષ જણાવવાનું કે, નેથર્સ બેઝ કું.-ગામ વસઇ વાળા વિજજોડાણની ડીપોઝીટની રકમ રીફંડ મેળવવા અરજદારે રીફંડની અરજી સાથે ડીપોઝીટ ભર્યાની ઓરીજનલ રસીદ સામેલ કર્યેથી અથવા જો ઓરીજનલ રસીદ અરજદાર પાસે ઉપલબ્ધ ન હોય તો પીજીવીસીએલ કંપનીના નિયમોનુસાર રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર ભરેલ ડીપોઝીટની રકમ, રસીદ નંબર, તારીખ વગેરે વિગતો સોગંદનામા સાથે રજુ કર્યેથી પીજીવીસીએલ કંપનીના નિયમોનુસાર અરજદારને ડીપોઝીટની રકમ પરત કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારે નેથર્સ બેઝ કું.-ગામ વસઇ ખાતે ૧૦ હો.પા.નું વીજ જોડાણ મેળવવા અરજી કરેલ હતી, જે અન્વયે તા.૦૭–૧૧–૦૨ થી નિયત ભાવપત્રક રૂ.૨૭,૫૭૦/– નુ અપાયેલ હતુ. જે રકમ અરજદાર દ્વારા રસીદ નંબર: ૦૯૨૭૭૨, તા.૦૨–૧૨–૦૨ ના રોજ ભરપાઈ કરેલ છે. જે અન્વયે અરજદારને વીજજોડાણ મળેલ નથી. જેથી, અરજદારે ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ – વ્યાજ સાથે પરત આપવાની રજુઆત કરેલ છે.

૪.૨ સદર કેઈસ મા, અરજદાર ની રજુઆત મુજબ – સામેવાળા દ્વારા સદર ભાવપત્રક અન્વયે ડિપોઝીટ ની રકમ – જો અરજદાર દ્વારા – સદર ડિપોઝીટ ની રકમ રીફંડ મેળવવા માટે ની અરજી તેમજ ડિપોઝીટ ભર્યા ની ઓરીજીનલ રસીદ રજુ કર્યે થી, અથવા જો ઓરીજીનલ રસીદ અરજદાર પાસે ઉપલબ્ધ ન હોય તો – પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ – રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર ઉપર ભરેલ ડિપોઝીટ ની રકમ – રસીદ નંબર, તારીખ વગેરે વિગતો સોગંદનામા સાથે રજુ કર્યે થી – પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ – અરજદાર ને ડિપોઝીટ ની રકમ રીફંડ આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત વિગતો ધ્યાને લેતા – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦ (૩) મુજબ – '' કાર્ય નુ કારણ ઉભુ થાય તે તારીખ થી ૦૨ વર્ષ પછી નોંધણી કરાવેલ – ફરીયાદ કેઈસો'' સબબ ના કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે ફોરમ તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી અરજદારશ્રી તરફથી મળેલ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grieva... P.G.V.C.L. Rajkot

નોંધ:



19-21-19-20

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot